આત્મચિંતન



। ભજે ભાવે દત્તનામ સ્મરણાત્મન ।

રંગ અવધૂત

કિંમત દોઢ આનો

પ્રકાશક:—

અમૃતલાલ નાથાભાઈ મોદી

મોદીસાંથ

નડીઆદ.

સં. ૧૯૮૭.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦

મુદ્રક : પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલ

મુદ્રણસ્થાન : ધી સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ

પાનકોરનાકા : અમદાવાદ.

ઉપોદ્ઘાત.

અધ્યાત્મવિદ્યા કે બ્રહ્મજ્ઞાન એ કંદોઇને ત્યાંની મીઠાઈ નથી કે પૈસા આપી ખરીદી શકાય. શ્રુતિ ભગવતી કહે છે તેમ "तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठं ।" એ બ્રહ્મતત્ત્વ જાણવાને માટે સાધનસંપન્ન મુમુક્ષુએ સદ્ગુરુને જ શરણ જવું જોઇએ; અને તે પણ વિદ્યા, ધન, સ્થાન (position) આદિનું સર્વ અભિમાન બાજુએ મૂકીને. કુતૂહલવૃત્તિથી અર્ધદગ્ધ અંતઃકરણે ફાવે તેવા સમર્થ ગુરુની પાસે જવાથી કે વર્ષો સુધી રહેવાથીયે કંઈ પણ ફાયદો થતો નથી; અને કેવળ માથે ગુરુ છે એવું કહેવડાવવાની ખાતર ગળામાં ફાંસારૂપ કંઠી બંધાવી ફાવે તેવા બણુચકને ખોળે માથું મૂકવાથી પણ કંઈ લાભ નથી. શિષ્યની શંકાઓનું સાત્ત્વિક યુક્તિ–પ્રયુક્તિદ્વારા સમાધાન કરી શકે અને પોતાની સ્વરૂપનિષ્ઠતાદ્વારા શિષ્યમાં શક્તિપાત કરી આત્મવિશ્વાસ ઉત્પન્ન કરી બ્રહ્મભાવ જાગ્રત કરી શકે તે માટે ગુરુ પણ સચ્છાસ્ત્રોના જ્ઞાન અને સદાચારયુક્ત (શ્રોત્રિય) અને સન્નિષ્ઠ (બ્રહ્મનિષ્ઠ) હોવો જોઇએ. આવા સદ્ગુરુની પાસેથી શ્રવણ કરેલું સચ્છાસ્ત્ર જ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી બ્રહ્માનંદની પ્રાપ્તિ કરાવી શકે છે. નિર્મળ ગંગોદક પણ સત્પાત્રમાંથી પ્રાપ્ત થયું હોય તો જ તાપશામક છે; જાજરૂની મોરીમાંથી નીકળેલું એ જ ગંગોદક ફાયદો તો નથી જ કરતું, પણ ઉલટું વિકૃતિમાત્ર વધારે છે. "न नरेणावरेण प्रोक्त एष सुविज्ञेयो बहुधा चिन्त्यमानः ।" વગેરે કઠાદિ શ્રુતિ આ જ અર્થ પ્રતિપાદન કરે છે.

ઉપર 'બ્રહ્મતત્ત્વ જાણવાને માટે' એમ કહ્યું તેનો અર્થ બ્રહ્મતત્ત્વની પ્રાપ્તિ કે બ્રહ્માત્મભાવનો સાક્ષાત્ અનુભવ (સાક્ષાત્કાર) બ્રહ્મસ્વરૂપે સ્થિતિ– એવો થાય છે. બાકી "कलौ वेदान्तिनो भान्ति फाल्गुने बालका

इव" એ સદુક્તિમાં કહ્યા પ્રમાણે હોળીના ગેરૈયાની માફક વગર સમજે ફાવે તેમ બકબક કરી વાચાળતાના જોર પર અજ્ઞાની જીવો પર યથેષ્ટ ચરનાર બ્રહ્મજ્ઞાનીઓનો અને તત્કૃત ગ્રંથોનો કલિમાં તોટો નથી. પણ ગ્રંથયે ઋષિપ્રણીત હોય, અનુભવી સત્પુરુષની દિવ્ય પ્રાસાદિક વાણીની ચમકથી ભરેલો હોય, તો જ ફલપ્રદ થાય છે. નહિ તો આજના ગ્રંથો અને કથાકાર તથા વ્યાખ્યાનકારોથી ઉભરાતા જમાનામાં મુક્તિ કે શાન્તિ આટલી મોંઘી ન હોય !

આ લઘુ પુસ્તકના રૂપમાં અમે અવધૂતી આનંદમાં મસ્ત નર્મદાતટવિહારી બ્રહ્મચારી શ્રી. **પાંડુરંગ (રંગ અવધૂત)** મહારાજકૃત ચાર પદ્યલેખોનો ગૂજરાતની ધાર્મિક પ્રજાને ઉપહાર કરીએ છીએ. એમાંનો પ્રથમ લેખ **ઓવી** છંદમાં છે. સંસ્કૃત વાઙ્મયમાં જેવી રીતે પોતાની વર્ણનાત્મક સુગમતાને લીધે અનુષ્ટુપ્ છંદ સર્વોપરિ છે. તેવી રીતે મરાઠી વાઙ્મયમાં ઓવી છંદનો પ્રચાર સૌથી વધુ પ્રમાણમાં છે. એકનાથી-ભાગવત, જ્ઞાનેશ્વરી ગીતા, દાસબોધ વગેરે તાત્ત્વિક ગ્રંથોથી માંડીને આબાળવૃદ્ધ સર્વ મરાઠી આલમને પરિચિત શ્રીધર મહીપતિ આદિની પૈરાણિક પોથીઓ સર્વ, એ છંદમાં છે. ગૂજરાતી સાહિત્યમાં ઓવી છંદ અમારી જાણ પ્રમાણે નવો જ છે, અને આવી જાતની રચના તો કદાચ આ પ્રથમ જ હશે. એમાં દરેક ઓવીના પ્રથમ ચરણનો ત્રીજો અક્ષર અનુક્રમે વાંચતાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના સારભૂત **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥** એ શ્લોક સાધેલો માલુમ પડશે. જો કે આ લઘુલેખમાં ટૂંકમાં સાધકને ઉપયોગી સર્વ તાત્ત્વિક વિચાર સૂત્રાત્મકરૂપે આવેલો છે, તોપણ અધ્યાત્મિક સાધનામાં વિવેક-વૈરાગ્યાદિ સાધનસંપન્ન થઇ સ્વાત્મસમર્પણપૂર્વક પરમાત્મસ્વરૂપ સદ્‌ગુરુને શરણગમન એ પ્રથમ પગથિયું છે, અને આ લેખમાં ઉપર કહેલી રીતે ગ્રથિત કરેલા શ્લોકમાંયે અન્ય સર્વ ખ્યાલો

(Considerations) બાજુએ મૂકી પરમાત્માને શરણુ જવાની ભાવના જ પ્રધાન છે. તેથી અમે એને **શરણાગમન** એવું નામ આપ્યું છે.

આમ સદ્ગુરુને અનન્ય ભાવે શરણ ગયા પછી બીજું પગથિયું દીર્ઘકાળ સુધી ગુરુમુખે શ્રદ્ધાબ્રહ્મચર્યાદિસત્કારપૂર્વક સચ્છાસ્ત્રોનું અખંડ શ્રવણ છે. અહિંયાં 'સચ્છાસ્ત્રોનું' અને 'ગુરુમુખે' એ શબ્દો હેતુપુરઃસર વાપર્યા છે, કેમકે ફાવે તે અને ફાવે તેના મુખથી સાંભળવું તે 'શ્રવણ' નથી. સચ્છાસ્ત્ર હોય તોપણ એ ઉપર વર્ણવેલા લક્ષણોથી યુક્ત ગુરુમુખથી 'શ્રવણ' કરવામાં ન આવ્યું હોય તો ભાગ્યે જ સત્ફળ આપે છે. બહુધા એનાથી વિપરીત ફળની જ -પારમાર્થિક દૃષ્ટિએ લાભ કરતાં ગેરલાભની જ-પ્રાપ્તિ થાય છે. પુસ્તકિયા પંડિતોની વેદાંતિક કથાઓ કે વ્યાખ્યાનો સાંભળી આડે માર્ગે ચઢી ગએલાઓનાં દૃષ્ટાંત ગોતવા જવું પડે તેમ નથી. ટૂંકામાં, માત્ર ફાવે તે દ્વારથી ને ફાવે તે હેતુથી સાંભળવું એ શાસ્ત્રીય પરિભાષામાં 'શ્રવણ' નથી; નહિ તો ફોનોગ્રાફની પ્લેટોના વેદાંતગાનથીયે ઘણા તરી જાત! પણ અનુભવ એવો નથી. આ 'શ્રવણ' ને જ **આત્મવિચાર** નામ આપી બીજા લેખમાં એનો સમાવેશ કર્યો છે.

સંશય અને વિપર્યયનો નાશ થાય ત્યાંસુધી ગુરુમુખે શ્રવણ કર્યા પછી ત્રીજું પગથિયું **મનન**નું છે. મનન એટલે શ્રવણ કરેલા વિષયનું સદ્યુક્તિઓપૂર્વક વિપરીત ભાવનાના નાશ સુધી પુનઃ પુનઃ ચિંતન. આમાંના ત્રીજા લેખમાં આ ભાવ પ્રધાન હોવાથી એને **મનનસાર** એવું નામ આપ્યું છે.

મનન સિદ્ધ થએ મુમુક્ષુની સાધનાનું ચોથું પગથિયું **નિદિધ્યાસ** છે. **નિદિધ્યાસ** એટલે સર્વ શંકાઓથી રહિત, સુનિશ્ચિત આત્મતત્ત્વનો વિજાતીય (દેહવિષયક) વૃત્તિઓના તિરસ્કારપૂર્વક, સજાતીય બ્રહ્માત્માકાર પ્રવાહ કે યોગિક પરિભાષામાં જેને **ધ્યાન** કહે છે તે છે.

ચોથા લેખમાં આ ભાવ પ્રાધાન્યપણે હોવાથી એને **નિદિધ્યાસ** એવું નામ આપ્યું છે.

આમ આ ચારે લેખોમાં મળી મુમુક્ષુના સ્વાધ્યાય કે આત્મચિંતનને ઉપયોગી સર્વ તાત્ત્વિક અને ક્રિયાત્મક ભાગનું ટૂંક દિગ્દર્શન હોવાથી પુસ્તકને **આત્મચિંતન** એવું અન્વર્થક નામ આપ્યું છે. એમાં ઠેકાણે ઠેકાણે આત્માનુભવના દિવ્ય ઉદ્ગારોની ઝલક માલમ પડયા વગર નહિ રહે. અને તેમ છતાં ભાષા અને વસ્તુનું નિરૂપણ એટલું સરળ, શાસ્ત્રીય પારિભાષિકતાથી રહિત, અને પ્રસાદપૂર્ણ છે કે સામાન્ય માણસ પણ એ સહેલાઈથી સમજી શકે.

આ સર્વ ભાગ અમુક વિષય પ્રતિપાદન કરવાના કોઈ નિશ્ચિત હેતુથી, પૂર્વવિચારપૂર્વક યોજાએલો નથી; પણ અમે અવારનવાર પૂછેલી આત્મવિષયક અનેકવિધ શંકાઓના ખુલાસારૂપે, પ્રસંગવશાત્ સ્ફુરેલા અંતરોદ્ગારો જે અમને વૈયક્તિક પત્રોત્તરના રૂપમાં મળેલા તે એકત્રિત કરી અન્ય મુમુક્ષુઓને પણ હિતકારક છે એમ લાગવાથી આમ પુસ્તકાકારે પ્રસિદ્ધ કર્યા છે. એટલે એમાં પૂર્વાપર સંગતિની, કે દરેકમાં તે તે વિષયના, અન્ય વિષયના વ્યાવર્તનપૂર્વક, પદ્ધતિસર ક્રમવાર શાસ્ત્રીય વિવેચનની અપેક્ષા રાખવી એ નકામું છે. વૈરાગી રાજા ભર્તૃહરિના શબ્દોમાં કહીએ તો એ બધી ઉપર્યુક્ત સત્પુરુષના 'સ્વૈરકથા' (random talks) છે. અને અનુભવપૂર્ણ હોવાથી એવી દિવ્ય અને પ્રાસાદિક સ્વૈરોક્તિ એ જ સાચું શાસ્ત્ર છે. મોક્ષશાસ્ત્રને કૃત્રિમ સંગતિ વગેરેની જરૂર છે જ એમ નથી. ઊલટું, કેટલીકવાર સ્વૈરસંગતિ એ જ એના કાવ્ય અને પ્રસાદની ખૂબી હોય છે.

આ બધાનું નિત્ય સ્વાધ્યાય (નિત્યપાઠ)ની પવિત્ર દૃષ્ટિથી પરિશીલન કરનાર મુમુક્ષુને સાવ નિરાશ નહિ થવું પડે એવી આશા રાખી હાલ તો આટલેથી જ વિરમીએ છીએ.

હનુમાનજયંતી. **પ્રકાશક.**

ॐ

श्रीदत्त प्रसन्नोऽस्तु



દત્તનામ

આત્મચિંતન

૧

શરણુગમન.

(ઓવી)

વાંચ્યા શ્રુ મંત્ર બંને પત્ર ॥ જેથી સુખ અત્ર પરત્ર ॥ કરવું તત્કર્મ સર્વત્ર ॥ અન્યત્ર ધ્યાન ન દેવું ॥૧॥
જે શર્વ[1] શ્રુ વિધિ હરિરૂપ ॥ દત્તાત્રેય દેવ અનુપ ॥ ધ્યાવું ચિંતે તત્સ્વરૂપ ॥ ભવકૂપશોષક ॥૨॥
જે આ ધર્મ છોડી એને ॥ ચિંતે લંપટ વિષયોને ॥ અંતે યમ દંડે તેને ॥ અભાગીને કોણ તારે ॥૩॥
અધર્મી આત્મા ઉભયભ્રષ્ટ ॥ થઇ પામે નાના કષ્ટ ॥ થાય દેવ એ પર રુષ્ટ ॥ અસંતુષ્ટ ચરાચર ॥૪॥

---

૧. શર્વ...= શિવ બ્રહ્મા ને વિષ્ણુસ્વરૂપ.

ધર્મા ન્ન્ ન પ્રમદિતવ્યં ॥ એવું કથે શ્રુતિ અવ્યય ॥ ભજતાં સદા સહૃદય ॥ ભક્ત અવ્યય થાય પોતે ॥૫॥
વાણી પ રા પશ્યંત્યાદિ ॥ જાણી ન શકે એ અનાદિ ॥ આધી નાસે મન ઉપાધિ ॥ તનવ્યાધિ સ્પર્શે ના ॥૬॥
જે પ રિ ચર્યા[1] કરે ભાવે ॥ પ્રમાદાલસ્ય મૂકી નેવે ॥ ગુરુચરણ પ્રીતે સેવે ॥ નામનાવે ચઢે જે ॥૭॥
ભજે ત્ય જી અન્ય વિચાર ॥ તેજ પામે ક્વચિત્ પાર ॥બીજું સર્વ જાણ નિઃસાર ॥ભવતાર[2] ભજન એક ॥૮॥
વાણિ જ્ય ન ચાલે તપસી ॥ કેટલાએ ગયા લપસી ॥ માયાફન્દે વચ્ચે ફસકી ॥ ચસકી ડાગળી નાઠા એ ॥૯॥
ફાંફાં મા રે કાંરે વ્યર્થ ॥ એથી સરે શો રે અર્થ ॥ ગુમાવીને આત્મગર્થ[3] ॥ [4]વિષયગર્તે કાં પડે ॥૧૦॥
ચિંતા મે લી કોરે સર્વ ॥ સદા ધ્યાવા અંતઃ શર્વ ॥ સાધી સંધિકાલ પર્વ ॥ અગર્વ સર્વથા ॥૧૧॥
ચૈલ[5] કં બલ કુશોત્તર ॥ બેસી આસને સુસ્થિર ॥ સમ કાય ગ્રીવા શિર ॥ દૃષ્ટિ સ્થિર નાસિકાગ્રે ॥૧૨॥
સુવ શ કરી યત્ને અક્ષ[6] ॥ ત્યજવો સર્વ માયિક પક્ષ ॥ બ્રહ્માત્મભાવે પૂર્ણ દક્ષ ॥ થાવું લક્ષ્ય દૃષ્ટિએ ॥૧૩॥
અહ ર હઃ[7] અખંડિત ॥ બ્રહ્મ સત્ય મિથ્યા જગત્ ॥ આત્માભ્યાસ એ નિશ્ચિત ॥ કરવો ઉચિત સાધકે ॥૧૪॥
स्मर णं स्वस्वरूपस्य ह्यखण्डैकात्मना तु यत् । तदेकं भजनं प्रोक्तं जन्ममृ जरापहम् ॥१५॥*
જેમ વ્ર જ ભામિની[8] પ્રેમે ॥ કૃષ્ણ સ્મરતાં કૃષ્ણપ્રેમે ॥ થઈ કૃષ્ણ કૃષ્ણે રમે ॥ તેમ ક્રમે જીવ બ્રહ્મ ॥૧૬॥
જે અ જ અક્ષય પૂર્ણ ॥ તેને ક્યાંથી જન્મ મરણ ॥ સ્વવિસ્મરણ થાતાં તૂર્ણ ॥ અન્યસ્મરણે રડે એ ॥૧૭॥
કહે ભ રે રે કાઢો મુને ॥ પડ્યો હું આ કાળવદને ॥ કહે કોણ કાઢે તુજને ॥ જાગતાને કો જગાડે ॥૧૮॥

---

૧. સેવા. ૨. સંસારમાંથી તારનાર. ૩. ધન. ૪. વિષયના ખાડામાં. ૫. સુતરાઉ વસ્ત્ર. ૬. ઈંદ્રિયો. ૭. પ્રતિદિન.

* ૧૫. ભાવાર્થ;—અખંડ એક ચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે; અને એજ એક જન્મ, મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે. ૭. ગોપીઓ.

દુર **હં** કાર દેહાત્મતા ॥ કોટે વળગી એની મમતા ॥ ન ચાલે એ પામરતા ॥ અજ્ઞતા કો નસાડે ॥૧૯॥
અલ્પ **ત્વા** દિ સવિનાશ ॥ આપે ઉપાધિભેદે ત્રાસ ॥ મૂળે આત્મા સ્વપ્રકાશ ॥ સુખાવાસ સંપૂર્ણ ॥૨૦॥
એની **સ** કળ એ છે માયા ॥ કાયાશ્રયે દોડે છાયા ॥ એની વાંસે જે જે ધાયા ॥ રોયા તે તે પામર ॥૨૧॥
નિખ **ર્વ** ખર્વ એક જાણ ॥ બીડાં માયા વ્યર્થ પ્રમાણ ॥ એક સચ્ચિદાનંદઘન ॥ એ વિણ શૂન્ય સર્વ ॥૨૨॥
[1]હત **પા** પ્મા એક અદ્વય ॥ એને ક્યાંથી હોય ભય ॥ અવિનાશી અવિક્રિય ॥ જગદ્બ્રહ્મ સ્વયં પૂર્ણ ॥૨૩॥
અપા **પે** જે પાપવાત ॥ કરે તેને મારો લાત ॥ સૂર્યે ક્યાંથી દિવસરાત ॥ માયાજાત સર્વ એ ॥૨૪॥
यद्वद् ब्यो ऽत्र समुत्पन्नं भातं [illegible] च यत् । नामरूपात्मकं विद्धि मिथ्या [illegible] दवीचयः॥२५॥*
[2]ગ્રાહ **મો** હ[3]મોટો જાણ ॥ તેણે ગ્રસ્યા અલ્પ મહાન ॥ કોણ છોડવે દયાઘન ॥ સદ્‌ગુરુ વિણ તપસી ॥૨૬॥
ક્યાં મો **ક્ષ** જ્યાં ન બંધન ॥ તુંજ સઘળે સચ્ચિદ્‌ઘન ॥ સકળ સૌખ્યનિધાન ॥ પ્રાણ પંચપ્રાણોનો ॥૨૭॥
તું ના **યિ** કા તુંજ નાયક ॥ તુંથી ઉપન્યું દશ્ય માયિક ॥ ન બાધે તુને [4]અઘ [5]અક ॥ નિઃસંકલ્પ થા સુખે ॥૨૮॥
હવિ **ષ્યા** [6]ન્ન તુંજ પોતે ॥ તું જ અન્નાદ પ્રાણપતે ॥ થા [8]સ્વાન્તે સ્વસ્થ સુમતે ॥ સુરીતે વિચરી આ ॥૨૯॥
આગા **મિ** [9] વ્યર્થ ચિંતન ॥ ભૂત-શોક વૃથા જાણ ॥ અધપ્રારબ્ધ નિઃસ્વન[10]॥ અદીન ભોગવું ઘટે ॥૩૦॥

---

૧. નિષ્પાપ. * ૨૫. ભાવાર્થઃ—અહીંયાં જે કાંઈ પાણીમાંથી પેદા થયું છે અને ફીણ વગેરે જે કાંઇ દેખાય છે. તે સર્વ નામરૂપાત્મક (માયિક) જાણ—પરપોટા, મોજાં બધું મિથ્યા છે. ૨. મગર. ૩. આત્મવિસ્મરણ. ૪. પાપ. ૫. દુઃખ ૬. (!) હોમી શકાય એવું; (!!) અનુષ્ઠાનાદિમાં ખાઈ શકાય એવું પવિત્ર અન્ન; ભોગ્ય. ૭. અન્ન ખાનાર; ભોકતા. ૮. અંતઃકરણમાં. ૯. ભાવિ; ભવિષ્યનું. ૧૦. બડબડાટ કર્યા વિના.

ધ્યાન મા રે થા અમૃત ॥ કર્માકર્મથી ન્યારો પંથ ॥ ગાઈ ગવાડી થાક્યા સંત ॥ અવધૂત શું કહે ॥૩૧॥
નિત્ય શુદ્ધ આપે લહે ॥ જાણી અળગો અંદર રહે ॥ ઉદાસીન દેહગેહે ॥ જ્ઞાનયેહે સર્વ બાળી ॥૩૨॥
सुवचः शृणु मे ... ज्ञानमतःपरम्। तत्परो भव तन्निष्ठस्तेन शांतिमवाप्स्यसि ॥३३॥*
ગુરુ દૃ પાળ સમર્થ ॥ જેણે બોધ્યો પરમાર્થ ॥ તચ્ચરણે થાવું વિનત ॥ [1]અર્થચિંત છોડીને ॥૩૪॥
ઉન્મત્ત તત્સંગે 'રંગ' ॥ રહે એકલો નિઃસંગ ॥ તત્સંગે [2]આવૃત્તિભંગ ॥ થાશે સાંગ નિશ્ચયે ॥૩૫॥

* ૩૩ મારું આ સુવચન સાંભળ; આથી શ્રેષ્ઠ બીજું જ્ઞાન નથી. તત્પરાયણ અને તન્નિષ્ઠ થા; એથી તું શાંતિ પામીશ. ૧. વિષયચિંતન. ૨. (!) માયાનું આવરણ; (!!) જન્મમરણનો ફેરો.

૨
આત્મવિચાર.

સો વાતોની એકજ વાત, તપસી ! સાંભળ સુજાત;
દેહમંદિરમાં દેવ બિરાજે, જેની આણ સરવ દિશ ગાજે.
પાંચથી પર પચીસથી પાર, જેનો ન લગે અંત કે પાર;
ત્રિગુણાતીત ત્રિગુણાધાર, ત્રણે પાર મનમાં ધાર.
નિજ સ્વરૂપ એ સોહંકાર, આનંદ અર્ણવ ડુબકી માર;
[1]તત્ત્વમસિ પદ ગાવે સાર, શ્રુતિસ્મૃતિનો એહજ સાર.
પંચભૂત માટીનું મડું, ઉપર સુંદર સોને મઢયું;
અંદર દુર્ગંધનો નહિ પાર, એણે કામણ કર્યું અપાર.
ભૂલી દેવ દેહને ભજે, કંચન મૂકી કાદવ સજે;
ભૂલ્યા ભૂલ્યા વાંસે ધાય, જનમમરણના ખત્તા ખાય.
મુનિ કિન્નર દાનવ નર દેવ, સર્વે કરતા નિશદિન સેવ;
જાગે વિરલો જોગીબાળ, સદ્‌ગુરુકૃપથી લાગે ભાળ.
જાયું તેનો નિશ્ચે નાશ; તે ક્યાંથી થાએ અવિનાશ ?
પંચભૂત ઉપન્યાં સહુ જેમ, પ્રલય થાય અંતે સહુ તેમ.
તેનો દેવ ક્યાંથી અવિનાશ ? ધાત મૃત્તિકા કાર્ય વિનાશ;
પૂજે નર પાખંડી થાય; પાખંડે કયમ પાપ પળાય ?
તરણા હેઠળ ડુંગર વસે, તરણું ખસતાં આપે દિસે;
ચિત્તવિકાર તરણું એ જાણ, માયા મોહ બિંદુ પરમાણ.
તે હેઠળ સિંધુ છે જાણ, ચિત્ત ઠરે પ્રગટે સુર ભાણ;
પુસ્તક વાંચી પંડિત હોય, અહં ગ્રહીને અંતે રોય.
અક્ષરઅળગો એ અવિનાશ, જે જાણે તે પરખે પાસ;
તે તુંરૂપ ન ભેદ લગાર, ઘટ ઘટ બોલે એ ઓંકાર.
નાશી ત્યાગી અવિનાશી ગ્રહે, અંતર સમજી અળગો રહે;
દેહ ભૂત વિનાશી જાણ, અન્નવિકાર એ પરમાણ.

---

૧. તે બ્રહ્મ હું છું.

રક્તરેત અમંગળ જેહ, તેનો બનીયો નિશ્ચે દેહ;
અન્ને રહે અન્નમાં જાય, તે આતમ કયમ મંગલ થાય ?
વધે ઘટે ને થાએ ક્ષીણ, સ્વપ્નાદિમાં થાએ લીન;
એથી અળગો દેહી જાણ, તે નિશ્ચય તુજ રૂપ પ્રમાણ.
મન બુદ્ધિ ને પ્રાણાધાર, અહં ચિત્ત નવ ત્યાંહ લગાર.
થાય જાય, ચંચળ સહુ એહ, એની સાથે શો રે નેહ !
આંખ વિના દેખે સહુ વસ્ત, નિજાનંદમાં રહે જે મસ્ત;
કાન વિના સુણે સહુ શબ્દ, સચ્ચિત્સુખનો એ છે [1]અબ્ધ.
મન બુદ્ધિ ને ચિત્તપ્રકાશ, બ્રહ્મા હરિ હર જેના દાસ;
તેજ રૂપ તુજ તપસી જાણ, સત્ય વાક્ય મુજ નિશ્ચય માન.
જે જાણ્યે સર્વજ્ઞ થવાય, શેષ જાણવું રહે ન ત્યાંય;
એક મૃત્તિકા રૂપ અનેક, નામપસારો મિથ્યા ભેખ.
વસ્ત્ર અનેકે તંતુ એક, એક તાંતણે કુસુમ[2] અનેક;
ભાળી ચિત્ર તણી સેનાય, બાળક ન્હાનું ભલે ઠગાય.
દીસે ભાસે જે જે ભાત, તે સર્વે માયાની જાત;
પૂરણ કૃપા પ્રભુની હોય, તો માયાથી મુક્તિ હોય.
કરે ભાવથી સદ્‌ગુરુસેવ, તે પામે પૂરણ તતખેવ;
પ્રાપ્ય પ્રાપક એક થઈ જાય, સંશય સઘળા શાંત તો થાય.
મન મારીને લહે મુકુંદ, સત્ ચિદ્ આતમ આનંદકંદ;
જીવશિવનું ભાગે ભૂત; માયાડંબર કયાં રહે તૂત ?
ઊર્મિ અર્ણવ[3] માંહે રમે, અંતે અર્ણવ માંહે શમે;
નામરૂપથી ભાસે ભિન્ન, ઓથે અદકું નીર અભિન્ન.
ઊર્મિ અર્ણવની કહેવાય, અર્ણવ ઊર્મિ નવ લેખાય;
નામ હેઠળ નામી નીર, ભેદ પારખે વિરલો ધીર !
જીવ શિવ ચૈતન્યની છાંય, અજ્ઞ પોતપોતાનું ગાય;
ભેદ ટળે તો ભીતિ જાય, પિંડમહે બ્રહ્માંડ ઝલાય.

૧. સમુદ્ર. ૨. ફૂલ. ૩. સમુદ્ર.

પિંડ સૂત્રથી ત્વંપદ એહ, તત્પદ બ્રહ્માંડે છે તેહ;
નામરૂપમાં ભેદ અનેક, અધિકારભેદે ફરી દેખ.
રાજા ચાકર સત્તા એક, અક્ષય અવ્યય નિર્મલ છેક;
જીવ ચાકર રાજા દેવ, સત્તા ચૈતન પરિબ્રહ્મ તેહ.
સૂણતાં સૂણતાં થાએ જ્ઞાન, આવે નિજ સ્વરૂપનું ભાન;
વાચાપંડિત વ્યર્થ પ્રમાણ, સંગ ત્યજે પામે નિર્વાણ.
એ સુખ પામે મૂગો હોય, 'રંગ' કરોડે વિરલો કોય!
બિન બાદળ બરખા ત્યાં થાય, બિના બીજ થાએ ચમકાર!!
પંગૂ નાચે ઠૂંઠા તાલ, ઝાંઝ બજાવે શ્રીગોપાળ;
નાદ મૃદંગ તણો સોહાય, સોહં સોહં રણકો થાય.
સુરતરાધિકા નાચે કા'ન, મન વૃંદાવન સત્ય પ્રમાણ;
જે દેખે તે ગાંડો થાય, દેહભાન ભૂલી સહુ જાય!
તપસી! ફરી ફરી કથવું ક્યાંય? મનવાણી મૂગી થઈ જાય;
વિદ્યાવંતરી આઘી પળે, શાણા સાન ભૂલી ટળવળે.
જે જાણે તે જૂદા હોય, કા કા શબ્દે કોયલ ન્હોય;
માગે ભીખ ને રાજ કહેવાય, એથી ઊંધું આન ન ક્યાંય!
[1]રંગે નાચે નાટકી રાજ, શિર પર પહેરે ખોટો તાજ;
દેખી જોવા બાળક ધાય, મિથ્યા દેખી મન હરખાય!
[2]અવની કેરો સાચો રાજ, તે કાં કરશે નીચાં કાજ?
ભિક્ષુક ભીખ માગતો ફરે, રાજ આન ભિક્ષુકતા હરે!
રણમાં ગાજે તે શૂરવીર, ચૂલા પાસે [3]બલ્લવ વીર!
મુખથી ભાખ્યે ભય નવ ટળે; માગ્યાં મોતી તે ક્યમ મળે?
મસ્તક મૂકી ડૂબકાં ખાય, [4]મુક્તાલાભ મોટો તો થાય;
સુખશય્યાની છોડે આશ, તેને ન નડે માયાપાશ.
ઘરથી ન ગમે જાવું બહાર, પાલવ પત્ની નવ છોડાય;
આખર જમથી અતિ દંડાય, ફરી પરણે ફરી ફરી રંડાય!

---

૧. રંગભૂમિ ઉપર. ૨. પૃથ્વી. ૩. રસોઇયો. ૪. મોતી.

તપસી ! એક કહ્યું તું માન, આળસ સઘળી મૂકી જાણ;
સદાચારપુષ્પોથી કરી, પ્રભુનું પૂજન ઉરથી કરી;
સેવા સદ્ગુરુ કરવી જાણ, તનમનધન એ પર કુરબાન;
ઇશ્વર ગુરુમાં ભેદ લગાર, ના માને તે સમજે સાર.
ગુરુ શિષ્ય એ નામજ માત્ર, રૂપ એક ને જૂદાં ગાત્ર;
સ્વપ્નરોગનું ઔષધ જાણ, આપે સ્વપ્નવૈદ્ય પરમાણ.
જાગ્યે સઘળું અચરજ થાય, રોગબીજ સમૂળી જાય;
તર્કે જીવડો હેઠે પડે, ત્રણ વેંતથી દૂર નવ પળે !

આપમતિ ત્યાં અંધ પ્રમાણ, કહેનારો અદ્ભુત કો જાણ;
શ્રવણ કરે તે ભૂલે ભાન, નાચે કૂદે અદ્ભુત જાણ !
બોલે તે ના બીજો લહે, જાણે તે મૂગો થઇ રહે !
ખેલ અનેરો ભજવે 'રંગ', સમજે વિરલો કો નિઃસંગ !!
દેશી જાણે દિલની વાત; પરદેશીને શી પંચાત ?
કુળવંતી તે પતિને ભજે; કુલટા શીયળ શું સમજે ?
મરણ પછી શું થાશે ત્યાંય ? આખર જીવડો જાશે ક્યાંય?
સહેશે જમનો અતિશે માર, એ દુખનો નહિ પારાવાર.
જીવતાં જાણે જોગી હોય, બીજા રોગી આયુષ ખોય;
રોકડ વેપારે સુખ હોય, મૂરખ ઉધારે અંતે રોય !
આત્મવિસ્મૃતિ મોત પ્રમાણ, સ્વર્ગ નરક સ્વપ્નો સહુ જાણ;
સ્વપ્ને હસતો સ્વપ્ને રડે, ચઢે સ્વર્ગ ને નરકે પડે.
મનની ભ્રમણા નરક નિશાન, સુખ સંતોષ સ્વર્ગ તું જાણ;
વિષય સર્પ ઝેરી બહુ જાણ, દર્શનમાત્રે હરતા પ્રાણ.
મણિ મોતનો બાણ પ્રમાણ, રખે લાલચે ખોતો પ્રાણ;
કર્મ કારમાં કરશે જેહ, આખર એકલ રોશે એહ.
આપકર્મથી આપ બંધાય; દોષ અન્યને કયમ દેવાય ?
હાથ થકી તું કરતો કર્મ, અંતે ચરરર કાપે મર્મ.
દેખી મનમાં અતિ ગભરાય; રોવાથી આખર શું થાય ?

ચેત જ્યાં લગી દેહ છે દૃઢ, સદ્‌ગુરુચરણે જઇને પડ.
અંતે અંધારૂં થઇ જશે, શ્વાસ ખૂટતાં જમડાં હસે;
પાણી પહેલાં પાળ બંધાય, મોતપૂર આવું ઠેલાય.
ઘર લાગે ખોદાવે વાવ, 'રંગ' અભાગી મૂરખ સાવ;
પૂરા ગુરુને ખોજે જેહ, તે પામે એ નિઃસંદેહ.
અધૂરો આથડે આપે, દુઃખ અન્ય તે કયમ કાપે?
અંધો અંધા વાંસે ધાય, આખર આથડી પસ્તાય!
[1]સોહં ઉપાસન કરવું પ્રેમ, જેથી પામે સઘળું ક્ષેમ;
'રંગ' અનેરો જામે અંત, કોણ કથે એ ખેલ અનંત?
ગાઇ ગવાડી થાક્યા સંત, તોએ ન આવે એનો અંત!
અંતે મૂગા થઇને રહ્યા, એકે ભળી અગોચર થયા!!
[2]લવણપૂતળી અર્ણવ માંહ્ય, જાતાં અર્ણવરૂપ એ થાય!
ભૂલ્યો જીવ બ્રહ્મમાં ભળે, આખર બ્રહ્મરૂપ થઇ રહે!!
આગળ મુખથી નવ કહેવાય, જાણે આપે અંતર માંહ્ય;
'રંગ' એક, તપસી! તું જાણ, ભેદ કથે તે દ્વૈતપ્રમાણ!
દ્વૈતે દુખદરિયો છે જાણ, અદ્વૈતે સુખ અક્ષય ખાણ!
તેહ તું તું કથે છે શ્રુતિ, આગળ અટકે અંધી મતિ!!
ગુરુગમ મારગ પૂરણકામ, સંતચરણમાં સહુ વિશ્રામ;
જાણી કરવી સદ્‌ગુરુસેવ, 'રંગ' વિલોકે અંદર દેવ!
એહ રૂપ તુજ, તપસી! જાણ, અંદર ઉદિયા કોટિ ભાણ;
તેજ થઇને તેજે શમે, 'રંગ' આપ આપથી રમે!
એ સુખ [3]મુગ્ધા કેમજ લહે? પૂછયે પ્રૌઢા કેમજ કહે?
નવ કહેવાએ વીતી વાત, જોવા જેવી એ છે ભાત!
જે દેખે તે આભો બને, આપ સૂણે ને આપજ ભણે;
ગાય આપ બજાવે તાલ, નાચે કૂદે અપરંપાર!
જેની ગત તે તેહજ લહે, બીજા પામર નિરખી રહે;
તપસી! તુંહિ તુંહિ એ જાણ, 'રંગ' રાંકડો સાવ અજાણ!!

---

૧. એ બ્રહ્મ હું છું. ૨. મીઠું. ૩. બાળા; પ્રેમની રીતિથી અજ્ઞાત.

૩

મનનસાર.

તપસી ! ઊંધું વેતર મા, કંસાર છોડી ઘેંશ ખા મા;
એક અવિચળ સઘળે ભર્યો, જળથળ સઘળે એકજ ઠર્યો.
એની આણુ વરતે જગ માંહ્ય, વૃક્ષો આપે ફળ ફૂલ છાંય;
પર્જન્યધારા વર્ષે મેઘ, વીજ કડાડે જાલીમ તેગ[1].
સૂરજ દિવસે પહેરો ભરે, ચાંદો રાત અજવાળી કરે;
[2]સરિતા આપે શીતળ નીર, ઋતુ ફળફૂલ આપે અતિધીર.
સહુમાં રહીને સહુથી દૂર, જે પામે તે એકજ શૂર;
બીજા માજાયા સહુ રંક, કલીબ[3] વગાડે ખાલી શંખ.
છોડી માનામાનવિચાર, સંતચરણમાં પડે તત્કાળ;
તે તો પામે સઘળો સાર, બીજા કૂટે તુષ[4] અસાર.
વાદી વખાણે નાના ભેદ, નેતિ નેતિ કહી થાકે વેદ;
ગિરિવર જેવા ભાખે ગ્રંથ, પેટકારણે થાપે પંથ.
તેથી સ્વારથ શો રંધાય ? રગડયે રેત તેલ નવ થાય;
કોઠી ધોયે કાદવ ખાસ; કાજળમાં કયાંથી પરકાશ ?
અક્ષર નિઃશ્વાસે નીસર્યા, અંતે જઈને એમાં ભળ્યા;
બાળક દેખે બાપની જાન, તો અક્ષર એ થાય પ્રમાણ.
વંધ્યાસુત વરઘોડે ચઢયો, વચમાં નરશૃંગે સંહર્યો;
નભપુષ્પોનું કર્યું વિમાન, વેગે ઉપડયું વૈકુંઠ જાણ.
એવી એવી મીઠી વાત, સમજાવે બાળકને તાત;
મોટા થાતાં આપ કથે, બીજાને ભોળવવા મથે.
તપસી ! વારિ વલોવ્યે કયાંય, તૂપ નીસર્યું દેખ્યું આંહ્ય ?
અક્ષર ચૂંથ્યે અક્ષરજ્ઞાન, ક્ષર અક્ષરથી પર એ જાણ.
યથા પિંડ બ્રહ્માંડે તેમ, સંત કહે છે જાણી એમ;

---

૧. તરવાર. ૨. નદી. ૩. નપુંસક. ૪. છોતરાં.

સહુથી પાસે પિંડ પ્રમાણુ, એનો ભેદ મૂળથી જાણુ.
પંચભૂતનું ખોખું એક, અંદર માંસહાડકાં છેક;
રેતરુધિરમાં આવ્યો પ્રાણુ, માયાયંત્રે ચાલે જાણુ.
માયી યંત્રી ન્યારો જાણુ, એજ નચાવે પ્રાણુ પ્રમાણુ;
[1]વ્યષ્ટિ સમષ્ટિ એક જ માન, પરમાણુ મેરુ મહિમાન.
નહોતું ત્યારે એક જ હતું, જાશે ત્યારે ના રહે જતું;
ત્રણ કાળમાં એકીએક, પરબ્રહ્મ પૂરણુ એ નેક.
તેજ રૂપ તુજ તપસી ! માન, દેહ શોધી દેહીગત જાણુ;
હું હું કરતું અંદર કૂણુ ? વધે [2]ક્ષરે ના થાએ ન્યૂન.
દેહ મરે આતમ નવ મરે, દેહ બળે આતમ નવ બળે;
જાયે જાય વિનાશી જાણુ, એ અવિનાશી એક પ્રમાણુ.
શ્વાસા સાથે સોહં કથે, જીવશિવનો ભેદ જ મટે;
માયા શુની[3] ચાટે પાંવ, જન્મમરણનો આંટે તાવ.
શોકમોહનું જાય નિશાન, આનંદઅર્ણવ[4] સુખની ખાણુ;
ઝેરવેરનાં નાસે ભૂત, 'રંગ' પ્રકાશે એ અવધૂત !
પટની ઉપર ચિત્ર સુહાય, દેખી બાળક મન મલકાય;
જાન સવારી દેખી હસે, દેખી સેના આઘો ખસે.
ભાસશસ્ત્ર ભાસે શણુગાર, નિરાભાસ ઓથે પટ સાર;
મોટેરાં [5]ભ્હાયે ના ત્યાંય, ઉભય વિલોકે નિર્ભય ધાય.
ખાંડ રમકડાં ખાંડ બજાર, વ્યાઘ્ર કૂતરાં વેચણુહાર;
નામરૂપનો માયાખેલ, મિથ્યા માની આનંદ રેલ.
ફરીફરીને એક જ વાત, બ્રહ્મે નાવે નાત કે જાત;
રાતદિવસ માયાવી ભેદ; સૂરજમાં ક્યાંથી એ ખેદ ?
શુદ્ધ બુદ્ધ નિરામય છેક, નિત્ય નિરંજન નિશ્ચલ એક;
બીજો છે મિથ્યા બકવાદ, મનવાણીનો એ છે તાત.

---

૧. એક વ્યક્તિગત તે વ્યષ્ટિ ને સમસ્ત વ્યક્તિગત તે સમષ્ટિ. ૨. નાશ પામે. ૩. કૂતરી. ૪. સમુદ્ર. ૫. છેતરાય.

નાદ સમાયો અંબર માંહ્ય, શોધ્યે પત્તો લાગે ક્યાંય ?
ઢોલ ગ્રહે તો ઢમ ઢમ થાય, ઢોલી મનમાં અતિ હરખાય.
અરણી[1] ઓથે અગ્નિ રહ્યો, માંહે પ્રકાશ અતિશે ભર્યો;
મંથન વિણ તમ[2] ચારે પાસ, દ્વિજ જુકિતથી કરે તપાસ.
તલમાં તેલ લપાઈ રહ્યું, માખણ [3]મહીમાં સઘળે ભર્યું;
બાળકને ગમ કેમ જ પડે ? દોડી દોડી આખર રડે.
થાકી માતાપાલવ સ્હાય, મીઠડું ગોરસ ખાંતે ખાય;
તપસી ! ભણતર પડતું મેલ, ગુરુગમ અગમ તણો એ ખેલ.
નીચો નમીને ચરણ તળાંસ, પ્રીતે કરજે પાસે વાસ;
કોક દિન મટકું એક મળે, કલેશ કારમા આઘા પળે.
આનંદનો ઉદધિ[4] રેલાય, કર્મપાશ સહુ ઢીલા થાય;
એ સુખ જાણે વિરલો કોક, જીવતર બીજાનું સહુ ફોક !
સાધન કરતાં છાસઠ ગયાં, હાડ ચામ બે બાકી રહ્યાં;
અંતર અંધારૂં ના ગયું, કર્મ કૂટવું બાકી રહ્યું.
બાવો દેખી મેલે હડી દેહઅહંતા અંદર ગઢી;
મંતરજંતર ઝંખે ધન, પોર્યાં પોરી મેલું મન.
દામચામની છેડે વાત, સ્વારથ સારૂ થાએ ભાટ;
અંતે પોલ ઉઘાડું પડે, ઉભયભ્રષ્ટ થઇ છાનું રડે.
આખર આવે કંઠે પ્રાણ, અંદર થાએ દુષ્કૃતભાન;
રોગ થકી વ્યાકુળ થઇ રડે, જે આવે તેને પગ પડે.
ચોર ચોરીને જાતાં ધન, દીવે સ્નેહ[5] પૂરે કુજન;
પ્રાણ જતાં બોલાવે વૈદ, તેથી કાર્ય થશે કયમ સિદ્ધ ?
તપસી ! જાગ્યા ત્યાંજ સ્હવાર, હાથે કરી કયમ થાવું ખ્વાર ?
દો દિનની છે શ્વાસસગાઇ, આખર બેલી કોઇ ન ભાઇ.
ઘરની નારી બીજે જાય, સગાં સહોદર શીરો ખાય;
તપસી ! ચેત, બાકી દિન ચાર; આખર પડશે જમનો માર.

---

૧. મંથનકાષ્ઠ. ૨. અંધકાર. ૩. છાશમાં. ૪. મહાસાગર. ૫. તેલ.

કંઠીવાળા કોરે રહે, દાનપૂન કરવાનું કહે;
દેવદેવી મંદિર માંહ્ય, આખર જીવડો એકલ ત્યાંય.
જીવતાં જાણી લેવું સાર, મૂવા પછી થાશે અંધકાર;
મનની ઓથે મોહન રહ્યો, માયાપટ આગળ છે ધર્યો.
પટ ફાટતાં તંતુ દિસે, મન હણાતાં મોહન હસે;
રંગબેરંગી ફૂલનો હાર, અંદર દોરો એકજ સાર.
ફૂલ ખસંતાં ધાગો દિસે, અર્ક અભ્ર[1] જતાં વિલસે;
મન છે સંકલ્પોની માળ, સંધિમાં મોહન પ્રતિપાળ.
સંધિકાળ વધતો જ્યમ જાય, સ્વૈરસમાધિ આપે થાય;
જોવી વસ્તુઓ બે ચાર, એક એકથી જૂદી સાર.
વૃત્તિ દોડે એકથી આન, સાક્ષી થઇ જોવું એ જાણ;
જોતાં જોતાં દર્શન ધ્યાન, ધ્યેયરૂપ ધ્યાતા નિર્વાણ.
સંધિ નિઃસંકલ્પે [2]લસે, દશ્યજવનિકા[3] આપે ખસે;
નિરાલંબઆલંબન થાય, અહંગ્રંથિ તૂટે સહુ ત્યાંય.
હંસ કાગ બે કોડે રમે, ભેદ પરસ્પર મિથ્યા શમે;
કોહં કોહં કરતો જેહ, સોહં સોહં બોલે તેહ.
જીવ શિવ બે એકજ થાય, જન્મ મરણની ભીતિ જાય;
તપસી ! આગળ કહેવું કેમ, મન વાણી જ્યાં ચૂકે નેમ?
એ સુખ મુખથી કહ્યું ન જાય, જે ચાખે તે મૂગો થાય;
મારગ વિષમ[4] અતિશે કહ્યો, અસિધારાવત્ તીક્ષ્ણ લહ્યો.
જન્મોજન્મે કરતા સેવ, તે પામે પૂરણ તતખેવ;
બીજાં પશુ મૃગજળગમ ધાય, જન્મમરણના ખત્તા ખાય.
સાધન માંહી સાધન એક, આત્માનાત્મવિચાર વિવેક;
દોષદષ્ટિ મન થાય વિરાગ, મોક્ષ એકમાં જો અનુરાગ.[5]
શમ દમ સાધે ખંતે કરી, જોગજુક્તિથી બેસે ઠરી;

---

૧. વાદળાં. ૨. પ્રકાશે. ૩. પડદો. ૪. વિકટ. ૫. પ્રીતિ.

ભાવભક્તિથી ભેટે દેવ, પાખંડે નાસે તતખેવ.
અનન્ય[1] સેવા ખાંતે કરે, મરતા પહેલાં [2]આપો મરે;
કૂડ કપટ હૈયાથી તજે, શીલસાજ સંતોષે સજે.
સદ્‌ગુરુસખુન[3] વિચારે મન, તેનું જીવતર થાએ ધન;
સુરતદોર નાચે નટ જેમ, શ્વાસા ચૂકે દોડે કેમ?
તૈલધાર વૃત્તિ સોહાય, તદાકાર તન્મય થઇ જાય;
મન [4]શોધતાં મોહન જડે, મૂરત[5] જોતાં સૂરત[6] નડે.
એક અરૂપ નિરંતર દેવ, તેની કરવી નિશદિન સેવ;
સેવાથી તદ્રૂપ થવાય, રૂપ મટે ને સંશય જાય.
સત્ય નિરંજન [7]આદૌ જેહ, અહંસ્ફુરણે માયા તેહ;
જ્ઞાનાજ્ઞાને આવરણ થયું, મૂળરૂપ પોતાનું ગયું.
ત્યાંથી [8]ઉપન્યું જગ વિશાળ, વિક્ષેપે સહુ ગોલંકાર;
મૂળ રૂપ રજ્જુનું મટયું, સર્પે આવી સર્વે ફૂટયું.
ડરથી થરથર કંપે કાય, શ્વાસસમીર[9] ઉરમાં નવ માય;
ઠોકર વાગે લોહી ઝરે; બાધાપૂજા કેમજ કરે?
દીવો લાવે સંત દયાળ, ભક્તન કેરા એ પ્રતિપાળ;
[10]રાશ દેખતાં લાભે સુખ, સર્વ જગતનું કાળું મુખ.
સ્વપ્ને રાવ[11] ભિખારી થાય, ઘર ઘર ટૂકડા માગી ખાય;
સેવકજનની પરશી કરે, ટૂકડા માટે તંગડી ધરે!
લાજ ઢાંકવા ન મળે વસ્ત્ર, ખિચડી ખાવા ન મળે પત્ર;
ગલીએ ગલીએ ધક્કા ખાય, જાણીતો જોતાં ગભરાય.
જાગે ત્યારે દેખે રાજ, શિર પર એનો એ છે તાજ;
સેવક લૂંડી મુજરા કરે, રત્નાંકિત છત્રી શિર ધરે.
ચમરી ઢાળે ચતુરા[12] ચાર, જોઇ અચરજ થાય લગાર;

૧. એકનિષ્ઠ. ૨. દેહાત્મબુદ્ધિરૂપ અહંકાર. ૩. વચન ૪. (i) ખોળતાં (ii) ધોતાં; શુદ્ધ કરતાં. ૫. સ્વરૂપ. ૬. ચહેરો; આકૃતિ. ૭. શરૂવાતમાં; સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વે. ૮. ઉપજ્યું. ૯. વાયુ. ૧૦. દોરડું. ૧૧. રાજા. ૧૨. સ્ત્રિયો.

તપસી ! તું છે રાજધિરાજ; ટૂકડો માગે કાં શિરતાજ ?
જ્ઞાનાવરણે શિવ કહેવાય, અજ્ઞાને જીવ 'રંગ' મુંઝાય;
[1]જ્ઞાનાજ્ઞાનાતીત સ્વરૂપ, જે જાણે તે ભૂપનો ભૂપ.
રાજા રાજ્ય પ્રજા અજ્ઞાન, સત્તા એ ઉપર છે જાણ;
નિર્ગુણ નિશ્ચય એકં એક, ઉપર દીસે નાના ભેખ.
અજાજૂથ[2] આવ્યો વનરાજ,[3] શબ્દ કરે બેંબેં ભયકાજ;
દૈવવશે ખડ ખાએ ધાન, [4]જગત 'રંગ' એવો છે જાણ.

દેશી ફેરો સૂણતાં બોલ, આરંભે માને એ ફોલ;
સૂણતાં સૂણતાં આવે સાન, સ્ફુરે દેહ ભૂલે અજભાન.
સૂક્ષ્મ નીરમાં દેખે જાત, બાર હાથ ઉછળે સાક્ષાત્;
સ્હાયો ક્રોધી નવ સ્હેવાય, આનંદકાનન[5] આપે ધાય,
ખોળી ખોળી મરે ભરવાડ, ઘેટાં બેં બેં પાડે રાડ;
કંટક કંદર[6] ખેડે જેહ, 'રંગ' નિહાળે કો દિન એહ.
કીધો ફેક એ સાચી વાત; ક્યારે ક્યાંથી શી પંચાત ?
લાગે મરમી ભેદુ હાથ, દેખાડે દો દિનમાં જાત.
જપ તપ તીરથ હેતુ એહ, એ વિણ સઘળો છે સંદેહ;
ભેદાભેદ નેટલો ખેદ, એક અભેદ જાણો નિર્વેદ.
જાણ્યે જ્ઞેય[7] બાકી નવ રહે; શબ્દાતીત એ કોણજ કહે ?
શાસ્ત્ર શિક્ષા સંભ્રમ માન, ગુરુશિષ્યનું શૂન્ય નિશાન.
બદ્ધમુક્તનું ક્યાં છે નામ ? સોઽહં સઘળે એકજ રામ;
ક્યાં જાવું ? શું બાકી કામ ? એક અખંડ અદ્વૈતારામ.
તપસી ! 'રંગ' અનેરો એહ, બીજાં અંતે દેશે છેહ;[8]
જાગી જોયું જગની માંહ્ય, જીવ જગત એકે ના ત્યાંય.
લેખ લેખની લેખનહાર, 'રંગ' એક જ્યાં ત્યાં નિર્ધાર;
નાચે આપ નચાવે આપ, બોલે આપ બોલાવે આપ.

---

૧. જ્ઞાન અને અજ્ઞાનથી પર. ૨. બકરાંનું ટોળું. ૩. સિંહ. ૪. જગતનું સ્વરૂપ. ૫. વન. ૬. ખીણ. ૭. જાણવા યોગ્ય. ૮. દગો.

અવળું દેખ્યે આઘો દિસે, આઘો પાસે ત્યાં ના વસે;
દેશ કાળ વસ્તુ પરિણામ, [1]માન મેયનું[2] ના છે નામ. ૧૫૦
તપસી ! કયાં કથવું નિર્વાણ ? કોણ સમજે ગાંડી વાણ ?
શૂન્યપાર શામળીયો વસે, દેખી શૂન્ય અંતરમાં હસે !
તપસી ! એજ એજ તું જાણ, તત્ત્વમસિ ટંકાર પ્રમાણ;
જાણી અળગો થઇને રહે, સહુથી હાં હાં કરતો રહે.
'રંગ' જામશે અદ્દભુત માંય, જોવાનું ના રહેશે ત્યાંય;
તાર વિના વાગે તંબૂર, સાત થકી અદકો એ સૂર.
સૂણતાં સ્હેજ સમાધિ થાય, સૂણવાનું કંઇ ન રહે ત્યાંય;
રંગરાગ બીજા સહુ શમે, એકાતીત અક્ષર જ્યાં રમે.
દેખે અલખ કરોડે એક, લક્ષ્યાતીત મર્મ છે છેક;
દેખે તે અંધો થઇ જાય, આપ પરાયું નવ દેખાય. ૧૬૦
તપસી ! કો વિધ[3] કથશે કૂણ ? શૂન્યશિખર સંભળાએ ધૂન;
કૂણ સાંભળે ગાએ કૂણ ? બાળે પાપ ભગાવે પૂન !
જમડાં સૂણતાં નાસી જાય, જીવ શિવ એકુ નવ ત્યાંય;
'રંગ' અલૌકિક [4]આપે લહે; તપસી ! જાણી મૂગો રહે !! ૧૬૪

૪

નિદિધ્યાસ.

તપસી ! બ્રહ્મ અગોચર એક, એ વિણ સઘળું મિથ્યા છેક;
કાગળની કરિણી[5] જેમ, માયાડંબર સઘળું તેમ.
જે જાણે તે અળગો થાય, બીજા દોડી ખત્તા ખાય;
હતું હશે છે એક અમાપ, ચૌદલોકનો એ છે બાપ.
એણે કામણ કર્યું અનુપ, આપે ધર્યું રમણીનું રૂપ;

---

૧. પરિમાણ; માપ. ૨. માપવા યોગ્ય. ૩. કઇ રીતે. ૪. પોતાની મેળે. ૫. હાથણી.

તાત નપુંસક માતા તૂત, એથી ઉપન્યું મોટું ભૂત.
દેખી મોટા મોટા ભમે, કોક વિરલા અંદર રમે;
મોટું અચરજ મોટા લડે, નાસ્તિ તેને માની રડે!
બાળક ફોસલાવાની વાત, જમની પુત્રી કાળી રાત!
નવ જાણે તે ભખતો ફરે, જ્ઞાની મૂગો થઇને ફરે!!

તપસી! બોલ્યાનો નહિ લાગ, જોવા જેવો એ છે બાગ;
વણ સિંચ્યે અંકુર ઉપજે, ફૂલ સુગંધી કંઇ કંઇ મજે!
અણુ ઉપન્યું દેખાએ કેમ? રજની[1] માંહી સમણું જેમ;
સુંદરી નારી તરુવર કાગ, મન વગડું ને મન છે વાઘ.
શૂન્ય શૂન્યને હણુવા ધસે, ડર થકી ડાગળી હા ખસે!
જીવ બચાવા મૂકે દોટ, અંધારામાં લાગે ચોટ:[2]
હેઠો પડતાં જાગ્રત થાય, આપ આપથી વિસ્મિત થાય!
કીડો વમળ માંહે જઇ પડયો, સુખ માન્યું ને અંતે રડયો.
એક વમળથી બીજે ધાય, ખત્તા ખાઇ સીધો થાય;
જીવ બચાવા ફાડે મુખ, સુખ સુખ કરતાં ભેટે દુ:ખ!

કોક નાવડો દૈવે જોય, મૂકે બ્હાર લાવીને સોય;
કર્યાં કર્મ ભોગવ્યે છૂટાય, આપ કરે ને આપ બંધાય.
એ તો કર્મકાયદો કહ્યો, તું પોતે અકર્મા રહ્યો;
જન્મ ધર્યો એ જૂઠી વાત: કર્મ કર્યાનો કયાં છે ઘાટ?
ભેદછેદનું ત્યાં ના નામ; હાથપાંવનું કયાં છે ઠામ?
નામરૂપનો કરવો ત્યાગ, માયા કૃત્રિમ એ છે ભાગ;
નથી છતાં દેખાએ જેહ, માયા વંધ્યાપુત્ર સમ એહ!
પાછળ નટવર સોહં એક, રાધારમણી મિથ્યા છેક!!
જલ તરંગ બરફ એ નામ, મૂળે અમૃત એકજ ધામ;
બાહેર દેખી ભડકે ભૂત, અંદર જોતાં સઘળું તૂત.

---

૧. રાત. ૨. ઠોકર.

મૂળે એક પ્રકાશી રહ્યો, સઘળું ખાઇ ભૂખ્યો રહ્યો;
સત્ય નિરંજન નિર્મલ એહ, બીજો નાહીં નિઃસંદેહ.
કુમળો થાતાં દૃષ્ટિ ફરે, પીળું દેખી દુઃખે ઝુરે;
જ્ઞાનશલાકા[1] અંજન થાય, આગંતુક કમળો એ જાય.
મૂળ એહની એહજ આંખ; ક્યાંથી આવે એને ઝાંખ ?
માન્યું તેથી દુઃખી થાય, ના માન્યું તો શું રંડાય ?
તપસી ! અટપટ સઘળો ખેલ, રેશમ સૂતર એકજ [2]ચેલ;
બાળક ના જાણીને રડે, મોટા જાણી જોઈ પડે !
જ્ઞાની બંને ફેંકે દૂર, રાચે આપ દિગંબર નૂર !!
છે હતું ને રહેશે એહ, તેજ રૂપ તું નિઃસંદેહ.

સત્ ચિત્ આનંદ સોહંકાર, જેને મારી ન શકે કાળ;
પાંચ પાછળ પોતે રહ્યો, બાજી અટપટ ખેલી રહ્યો.
કરોળીઓ ખેંચે જો તાર, આપ થકી પ્રગટાવે ચાર;
આદિ અંત મધ્યમાં એક, તાર તૂત જાણે સહુ છેક.
[3]પાવક જ્વાળા વિધવિધ જેમ, કાષ્ઠ અંગારા સઘળું તેમ;
ગુપ્ત પ્રગટ એહનો એહ, જાણે તો તૂટે સંદેહ !
ઝાલે સદ્‌ગુરુ આવી બાંહ્ય, તોજ ભેદ એ ખુલ્લો થાય.
તપસી ! મૂકી સઘળો ગર્વ, માની સદ્‌ગુરુ પોતે [4]શર્વ;
મૂકી મસ્તક ચરણ પખાળ, તોજ તૂટશે ભવની જાળ.
મિથ્યા બંધ સપડાવે કેમ ? બાજીગરની બાજી જેમ.

[5]મોડા જાણે સઘળો મર્મ, હસે કૂદે ને પામે શર્મ.[6]
માળી પુષ્પ વિધવિધ રંગ, માંહે દોરો એક અભંગ;
ફૂલ ખસે તો ધાગો દિસે, દેખી જ્ઞાની અંદર હસે !
મનની વાંસળ મોહન વસે, વૃત્તિ ખસતાં આપે દિસે.

---

૧. સળી. ૨. વસ્ત્ર. ૩. અગ્નિ. ૪. શંકર. ૫. છોકરા (મદારીના મદદનીશ). ૬. સુખ.

સંધિ અચૂક ઝલાયે આપ, તો માંહે દિસે જગબાપ;
વધતાં વધતાં થાય અમાપ, સ્હેજ સમાધિ કોરી છાપ !!
ડાઘો લાગે અંદર કેમ, ભઠ્ઠી માંહી જાતાં હેમ ?
દૃશ્ય દેખનહારો એક, દૃષ્ટિ દેખે મિથ્યા છેક !
એક અગોચર દેખે કૂણ ? નિમક પૂતળી અંતે લૂણ !!
ભખ્યે ભેદ ના ભાગે જાણ; ભખનારો ત્યાં કોણ પ્રમાણ ?
'હું અમે' એ મિથ્યા વાત; નામગોતની ત્યાં ક્યાં જાત ?
કહેવા માટે એવું કહ્યું, બાકી મિથ્યા સઘળું લહ્યું !
મિથ્યા મિથ્યા કરતો મરે, તેથી અર્થ કોડી નવ સરે;
મિથ્યા કહેનારો તું કૂણ ? નિર્ગુણ માંહે કયાંથી ગુણ ?
મૂળ ગુણ ના, ક્યાં નિર્ગુણ ? ભૂત નહિ ત્યાં ભૂવો કૂણ ?
પૂછે કૂણ, સાંભળે કૂણ ? કોણ આર્ય ને કો છે હૂણ ?[1]
એ તો પ્રપંચ મિથ્યા જાણ, બાકી સઘળું એક પ્રમાણ.
ના જાણે તે મિથ્યા લડે, અહં દેહ માનીને રડે !
દેહી તું તો અળગો જાણ, પંચપાર ત્રણેથી માન;
અન્નવિકારી દેહ મલિન, તું અવિકારી રાખ યકીન[2].
મન ચંચળ તું નિશ્ચલ એક, બુદ્ધિ બૂઠી ત્યાં તો છેક;
બિંદુ સાગર માંહે ભળ્યું, કહેવાને બાકી ના રહ્યું !
બીજાં ટીપાં સાવ અજાણ, વૃથા શ્રમાવે લૂલી વાણ !!
નાર નાટકી લટકો કરે, મૂરખ અંદર તલસી મરે.
પોપટપંચી કરે અનુપ, મૂરખ જોઇ ભૂલે રૂપ;
રૂપાતીત છબી એ જાણ, આંખ આંધળી ત્યાં નિષ્પ્રાણ !
પાછું ભાળે વિરલો કોક, આપ નિહાળી ટાળે શોક !!
સત્ ચિત્ આનંદ એક અનુપ, ચૌદ લોકનો એ છે ભૂપ;
સમણા માંહે માગે ભીખ, ના માને એ કોની શીખ.
સમણું શમતાં ખેંચે ખડ્ગ, દેખી શૂન્ય સમેટે ડગ !!
અસત્ નહિ ત્યાં સત્ નિર્માન; અચિત્ શૂન્ય ત્યાં ચિત્ શું જાણ ?

૧. યવન. ૨. વિશ્વાસ.

દુઃખ ભૂલાવે આનંદ એમ, શૂન્યસંકેત કહે સહુ તેમ!
સાક્ષી શૂન્ય તણો જે એક, તેજ તેજ તું તપસી છેક;
ન્હોતું ત્યારે હતો અરૂપ, થયું માની પડયો ભવકૂપ.
સંત વગાડે જો રણઢોલ, ફૂદ ફગાવી માયાપોલ!
એક અખંડ નિરંજન દેવ, માયા બટકી કરતી સેવ.
ભેખડ ઊંચી બીચ નવાણુ, દેખ કેસરી[1] 'રંગ' સુજાણ;
બેં બેં કરી વૃથા કાં મરે, છોડી એણુ[2] તૃણપર્ણો ચરે?
કહું કેટલું થાકયો હાથ, આદિ મધ્ય તું એક અજાત;
મનમૃગ મારી રહે નિર્ભ્રાંત, 'રંગ' કેસરી માયાકાંત.
અજબ કરામત માયાખેલ, મૂષકદરમાં પેઠો શેર!
દુઃખે પાડે ચીસેચીસ, બીજા ઉપર કાઢે રીસ!!
દેખે ત્યાં તો સઘળું તૂત, કેમ ફસાયો એ અદ્દભુત!
ફૂટી આંખ કરે અંજન, સદ્દગુરુ આવી દુખભંજન;
તોજ સૂઝે સવળી વાત, થાય ઉજાળી કાળી રાત.
વણ શશી સૂરજ તારક ત્યાંય, દિવ્ય રોશની આપે થાય!
કાળું ધોળું મટે સમૂળ, નામરૂપનું નાસે કુળ!!
ગુરુશિષ્ય મિથ્યા સંબંધ; મુક્ત કોણ જ્યાં ના છે બંધ?
પંડિત મૂરખ એક અભેદ, બાળવૃદ્ધનો ત્યાં ના ભેદ!
સ્ત્રી પુરુષ નપુંસક એક, પાપપુણ્ય મિથ્યા ત્યાં છેક!!
પૂજા પોથી સઘળું તૂત, માળા મણકા મિથ્યા ભૂત!
દેવભક્તનો ટળ્યો વિરોધ, જીવશિવનો ખૂટયો શોધ!!
જન્મમરણની તૂટી ગાંઠ; સ્વર્ગ નરકનો ત્યાં કયાં ઘાટ?
પરબ્રહ્મ પરમેશ્વર એક, રૂપ અરૂપી નિર્મળ છેક;
શુદ્ધ બુદ્ધ નિરંજન નિત્ય, અગમ અગોચર આન અનિત્ય!
વણથંભે લટકાવે આભ, વંધ્યોદરમાં મૂકે ગાભ;
ખેલ ખેલી ન્યારો રહે; તપસી! આપે થઇને રહે!
લડવા દે લઢીયાને ખૂબ, 'રંગ' વિલોક તું ચુપચૂપ!!

---

૧. સિંહ. ૨. હરણ; મૃગ.

ભજનાનંદી મુમુક્ષુઓને:—

		કિંમત.
૧.	અવધૂતી આનંદ (નરી આધ્યાત્મિકતાથી નીતરતાં ભજનોનો સંગ્રહ)	રૂ. ૧—૮—૦
૨.	ઉપઃપ્રાર્થના	,, ૦—૧—૬
૩.	દત્તનામસ્મરણમ્ (સંસ્કૃત)	
૪.	શ્રી દત્ત-પંચપદી (સાયં પ્રાર્થના)	
૫.	શ્રીવાસુદેવનામસુધા (ગૂજરાતી અર્થ સાથે)	
૬.	દકારાદિદત્તસહસ્રનામાવલિઃ (સંસ્કૃત)	

નંબર ૩ થી ૬ હશે ત્યાં સુધી અધિકારીને વિના મૂલ્યે પ્રકાશક પાસેથી મળી શકશે.

પુસ્તક મળવાનું ઠેકાણું :—

૧. અમૃતલાલ નાથાભાઈ મોદી
મોદીમાંથ,
નડીઆદ.

૨. ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ,
અમદાવાદ.

૩. મંગળદાસ રાયચંદ શાહ
કેસુર મામાનું ચકલું,
ભરૂચ.

૪. વિઠ્ઠલભાઇ જાદવભાઈ પટેલ
લીલોડ (નર્મદાતટ)
પોસ્ટ પાલેજ.